PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૯/ક્વા–૦૨/૧૭–૧૮/ 9066 તા 28/06/19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રમેશ જી. સબડ,
— યદુનંદન—,
૩—કિશાન પરા, શ્રી પેલેસ ની સામે
જુની કેન્સર હોસ્પીટલ ની પાછળ,
રાજકોટ —૩૬૦૦૦૧
મો: ૯૮૯૮૩૫૮૮૭૬

વિષય :—વીજબીલ બાબત
સંદર્ભ:— આપની અરજી , તા. ૨૦—૦૭—૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૯/ક્વા—૦૨/૧૭—૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા )
ક્ન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3 )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

NO:- 06 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૯/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: રમેશ જી. સબડ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી રમેશ જી. સબડ હાજર રહેલ હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મહિલા કોલેજ પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.રૂપાણી (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૩/૦૭૭૯૫/૬ ના સ્થળ પર, અગાઉ માહે મે–જુન– ૨૦૧૫ દરમ્યાન વર્ષાદી વીજળી પડવાના કારણોસર, મીટર ક્ષતિગ્રસ્ત થયેલ હતુ. જે મીટર બદલાવવાની તેઓની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, મીટર બદલાવી અને લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, તેઓએ મીટર ને ક્ષતિગ્રસ્ત થવા બાબતે ની વિગતો અને સ્પષ્ટતાઓ આપેલ હતી. મીટર પણ ક્ષતિગ્રસ્ત જાહેર થયેલ હતુ. તેમ છતા, પીજીવીસીએલ તરફથી, તેઓનો સદર કેઈસ, '' વર્ષાદી વીજળી પડવાના કારણોસર ની મીટર ની ક્ષતિગ્રસ્તતા '' મુજબ નો સ્વયં એવો તાંત્રીક રીતે સ્પષ્ટ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ને, '' તફાવતીય ૩૦૮ યુનીટ રીડીંગ મુજબ નુ, રૂ.૨,૨૨૬/૦૮ નુ '' જે બીલ અપાયેલ છે, તે બીલ '' ખરેખર મીટર ક્ષતિગ્રસ્તતા મુજબ નુ ન હોય '' અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૩/૦૭૭૯૫/૬ ના સ્થળ પર, અગાઉ માહે મે–જુન– ૨૦૧૫ દરમ્યાન વર્ષાદી વીજળી પડવાના કારણોસર, મીટર મા '' ડિસ્પ્લે ડિસ એપીયર ''બાબતે ક્ષતિગ્રસ્ત થયેલ હોવાની બાબતે ની અરજદાર શ્રી ની, જે મીટર બદલાવવાની તેઓની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી, ચેકીંગ શીટ : ૪૬૭૨૭૮ તા.૨૦–૦૭–૧૫ ના રોજ, સ્થાપન પર નુ સવાલવાળુ એચ.પી.એલ. કંપની ના મીટર નંબર: પીજીએસટી ૦૦૬૯૭૬૭૨, જે '' ડિસ્પ્લે ડિસ એપીયર '' ની સ્થિતી હેઠળ સ્થળ પર થી ઉતારી અને પેપર પેક કરાયેલ હતુ. આ સમયે જોડાણ મા ૬૫૫ વોટ નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે, તા.૨૦–૦૭–૧૫ ના રોજ, નવુ એચ.પી.એલ. કંપની ના મીટર નંબર: પીજીએસટી ૦૨૬૭૦૯૦૯, જે શરૂઆતના ૦૦૦૦૨૧૨ રીડીંગ થી લગાડવામા આવેલ હતુ. આ સમયે, અરજદાર શ્રી ને માહે મે–જુન– ૨૦૧૫ નુ, તા.૧૦–૦૭–૧૫ ના રોજ નુ, નિયમીત વીજબીલ, જે ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ, જોડાણ મા પ્રસ્થાપિત થયેલ પ્રતિ બીલ સરેરાશ ૩૧૦ યુનીટ ની રકમ રૂ.૧૮૫૮/– નુ અપાયેલ હતુ. જે બીલ અરજદાર શ્રી એ, તા.૧૭–૦૭–૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતુ. |
| ૨.૨ | ત્યારબાદ, ઉપરોક્ત મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ જુનુ એચ.પી.એલ. કંપની ના મીટર નંબર: પીજીએસટી ૦૦૬૯૭૬૭૨, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, તા.૧૧–૦૮–૧૫ ના રોજ, પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચેકીંગ દરમ્યાન સદર મીટર ને, '' મીટર ટેસ્ટીંગ બેંચ પર ચડાવી અને ટેસ્ટીંગ લેતા – મીટર ફોલ્ટી જણાયેલ હતુ. તેમજ, બેટરી બેક અપ મુજબ મીટર મા છેલ્લા ૮૭૨૦ યુનીટ નોંધાયેલ જણાયેલ હતા. આ છેલ્લા ૮૭૨૦ યુનીટ રીડીંગ, જે જોડાણ મા અપાયેલ સવાલવાળા માહે મે–જુન– ૨૦૧૫ ના બીલ પહેલાના માહે માર્ચ–એપ્રીલ– ૧૫ ના બીલ ના છેલ્લા રીડીંગ ૮૧૦૨ ની સીરીઝ સાથે |

| | |
|---|---|
| | સુસંગત હતા. '' |
| **૨.૩** | પરંતુ, સદર મીટરની તા.૨૦—૦૭—૧૫ ની લેબોરેટરી ચેકીંગ દરમ્યાન, ''સદર ફોલ્ટી મીટર ના બેટરી બેક અપ મુજબ જણાયેલ છેલ્લા ૮૭૨૦ યુનીટ રીડીંગ, જે લેબોરેટરી ચકાસણી મા લખવાને બદલે, લેબોરેટરી ચેકીંગ દરમ્યાનના લેબોરેટરી ના જુનીયશ ઈજનેર દ્વારા, શરતચુક થી — ૮૭૨૦ રીડીંગ ને બદલે — ૨૭૨૦ યુનીટ રીડીંગ લખાયેલ હતા. — જે ભુલ સુધારણા ના ભાગરૂપ — શરતચુક થી લખાયેલ ૨૭૨૦ યુનીટ રીડીંગ પર — ઓવર રાઈટીંગ કરીને — ૮૭૨૦ યુનીટ રીડીંગ લખી — અને ભુલ સુધારણા ના ભાગરૂપ કરેકશન કરાયેલ હતુ. |
| **૨.૪** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતે ના, '' મીટર ટેસ્ટીંગ બેંચ ના રીઝલ્ટ હેઠળ ના — ફોલ્ટી મીટર '' વાળા સદર મીટર મા, '' બેટરી બેક અપ મુજબ — છેલ્લા ૮૭૨૦ યુનીટ રીડીંગ '' જણાયેલ હોવાના કારણોસર, '' પીજીવીસીએલ તરફથી સદર મીટર ને ફોલ્ટી મીટર જાહેર ન કરતા — તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરેલ હતુ.'' અને તેને આનુષાંગીક રહીને, અરજદાર શ્રી ને, '' લેબોરેટરી ચેકીંગ દરમ્યાન જણાયેલ ૮૭૨૦ યુનીટ રીડીંગ ની ગણતરી અન્વયે — ૮૭૨૦ યુનીટ — ૮૧૦૨ યુનીટ = ૭૧૮ યુનીટ નુ ખરેખર બીલ આપવા પાત્ર બનતુ હોય — અગાઉ ૩૧૦ યુનીટ નુ જ બીલીંગ થયેલ હોય — બાકી રહેતી ગણતરી અન્વયે ના ૩૦૮ યુનીટ નુ સવાલવાળુ બીજુ પુરવણીબીલ અપાયેલ છે '' જે યોગ્ય હોવાનો, સદર કેઈસ મા, ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરાયેલ છે. |

**મુદ્દા નં.—૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૮૦૩/૦૭૭૯૫/૬ નુ, સવાલવાળુ મીટર, જે અગાઉ વર્ષાદી વીજળી પડવાના કારણોસર ક્ષતિગ્રસ્ત હોવાના કારણોસર ની જ અરજદાર શ્રી ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી મીટર બદલાવી અને લેબોરેટરી મા ચકાસણી કરતા, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર ને, મીટર ટેસ્ટીંગ બેંચ પર ચડાવી અને ટેસ્ટ કરતા, '' સદર મીટર — ફોલ્ટી '' હોવાની સ્પષ્ટ નોંધ, જે તા.૨૦—૦૭—૧૫ ના રોજ ના લેબોરેટરી ચકાસણી અહેવાલ મા લખાયેલ છે. આમ, સદર મીટર મહદઅંશે, '' ફોલ્ટી મીટર હોવા છતા — પીજીવીસીએલ પક્ષકારે — સદર મીટર ને — બેટરી બેક અપ પર જણાયેલ છેલ્લા રીડીંગ '' ના દરજ્જે, '' સદર મીટર ને — ફોલ્ટી મીટર ને બદલે તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરી '' અને અરજદાર શ્રી ને સવાલવાળુ, તફાવતીય ૩૦૮ યુનીટ ની રકમ નુ વધારાનુ પુરવણીબીલ આપેલ છે. જે પુરવણીબીલ, અરજદાર શ્રી એ માન્ય ન રાખી અને ફોરમ સમક્ષ સવાલવાળી ફરીયાદ અરજી કરેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ ની તમામ બાબતો અને હકીકતો તેમજ, તા.૨૦—૦૭—૧૫ ના રોજ ના લેબોરેટરી ચકાસણી અહેવાલ મા થયેલ નોંધ ની તમામ બાબતો — ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા — ફોરમ કમિટી સદર સવાલવાળા મીટર ને, '' તાંત્રીક રીતે યોગ્ય જાહેર થવા પાત્ર નહી, પરંતુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ જાહેર થવા પાત્ર હોવાનુ'' સ્પષ્ટ માને છે. તે મુજબ, '' સદર મીટર ફોલ્ટી મીટર હોવા બાબતે નુ '' ફોરમ કમિટી તરફથી સ્પષ્ટ મંતવ્ય છે. ફોલ્ટી મીટર ની સ્થળ પર ની હૈયાતી ના સમયગાળા દરમ્યાન — જોડાણ મા સ્થાપિત થયેલ — સરેરાશ દ્રીમાસીક વાસ્તવિક વપરાશી યુનીટ ના ધોરણે બીલીંગ કરવાની — નામદાર જીઈઆરસી ના નોટીફિકેશન નંબર: ૦૪/૨૦૧૫ ના મુદ્દા નં. ૬.૫૮ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ જ — અરજદાર શ્રી ને અગાઉ માહે મે—જુન— ૨૦૧૫ નુ, તા.૧૦—૦૭—૧૫ ના રોજ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૩૧૦ યુનીટ ની રકમ નુ, રૂ.૧,૮૫૮/૬૨ નુ અગાઉ જે બીલ અપાયેલ જ છે, તેમજ તે બીલ ની રકમ પણ અરજદાર શ્રી એ તા.૧૭—૦૭—૧૫ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ છે. જેથી, હવે '' ફોલ્ટી મીટર ને તાંત્રીક રીતે યોગ્ય મીટર ના દરજ્જો આપી અને અપાયેલ સવાલવાળુ ૩૦૮ યુનીટ ની રકમ વાળુ બીલ, અરજદાર શ્રી ને આપવાની બાબત, જે પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી નથી. જેથી, સવાલવાળુ ૩૦૮ યુનીટ ની રકમ નુ બીલ રદબાતલ થવાને પાત્ર હોવાનો, અને તે અન્વયે હવે કોઈ વધારાની રકમ, અરજદાર પાસેથી વસુલ ન કરવા બાબતે નો'' ફોરમ કમિટી તરફથી સ્પષ્ટ નિષ્કર્ષ થયેલ છે. |

મુદ્દા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ નુ સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવા બાબતે ની સ્પષ્ટ નોંધ, જે તા.૨૦–૦૭–૧૫ ના લેબોરેટરી રીપોર્ટ મા સ્પષ્ટ થયેલ છે. આમ, સવાલવાળુ મીટર ક્ષતિગ્રસ્ત હોય – તેમજ, અરજદાર શ્રી ને અગાઉ માહે મે–જુનં–'૨૦૧૫ નુ, તા.૧૦–૦૭–૧૫ ના રોજ નુ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ નુ, ૩૧૦ યુનીટ ની રકમ નુ, રૂ.૧,૮૫૮/૬૨ નુ, પીજીવીસીએલ તરફથી, અગાઉ બીલ અપાયેલ જ છે. જેથી, હવે '' ફોલ્ટી મીટર ને તાંત્રીક રીતે યોગ્ય મીટર નો દરજ્જો આપી અને અરજદાર શ્રી ને અપાયેલ એવા સવાલવાળુ ૩૦૮ યુનીટ ની ગણતરી એ થતી રકમ, જે અરજદાર પાસેથી વસુલ કરવાની બાબત, જે પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય અને વ્યાજબી નથી. જેથી, સવાલવાળુ ૩૦૮ યુનીટ ની રકમ નુ બીલ રદબાતલ કરી, અને હવે સદર સવાલવાળા બીલ સબંધક, વધારાની કોઈ રકમ, જે અરજદાર પાસેથી વસુલ ન કરવા બાબતે નો'' પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, ફોરમ કમિટી તરફથી સ્પષ્ટ હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં હવો જરૂરી છે.